


તસવીર : દશરથ વણઝારા

તલોદ મુકામે સાબરકાંઠા જિલ્લા એન એસ યુ આ ઈ તથા યુથ કોંગ્રેસના નેજા હેઠળ ખેડૂતો ના પ્રશ્નો તથા તલોદ તાલુકાને અછતગસ્ત જાહેર કરવા માટે અંબાજી ચોક તલોદ ખાતે દેખાવો યોજીને કોંગ્રેસ કાયેકરો એ સૂત્રોચ્ચાર કર્યા જેમાં નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રમુખ પ્રો. રંગુસિહ બી સોલંકી આઈ ટી સેલ પ્રમુખ આશિષઠાકોર , નગરપાલિકા તલોદ ના કૉર્પોરેટરો યુથ કોંગ્રેસ તથા એન એસ યુ આઈ ના આગેવાનો તાલુકાના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ટ્રાફિક નિયમના ધજીયા ઉડાવતા વાહન ચાલકો સામે ધાનેરા પોલીસની લાલ આંખ

ટ્રાફિક નિયમના ધજીયા ઉડાવતા વાહનચાલકો સામે બનાસકાંઠા જિલ્લાની ધાનેરા પોલીસે લાલ આંખ કરી છે અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘન કરનાર ૩૦ જેટલા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા સહીત સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા દિન પ્રતિદિન અકસ્માતોમાં વધારો જોવા મળી રહ્યો છે અને નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે તેનું મુખ્ય કારણ છે ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘન અને જો વાહનચાલકો ટ્રાફિકના નિયમો રાખીને ચાલે તો કદાચ આવનારા સમયમાં અકસ્માતોને નિવારી શકાય ત્યારે જિલ્લાના ધાનેરાની પોલીસે ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘન કરનાર વાહનચાલકો સામે કરી ૩૦ જેટલા ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## પાલનપુરના ખેડૂત પુત્રએ WWEનો સુપરસ્ટાર ધ ગ્રેટ ખલી પાસે ટ્રેનિંગ મેળવી CWEમાં ૩૫ વખત ભાગ લીધો, હવે WWEમાં જશે

WWEનો સુપરસ્ટાર ધ ગ્રેટ ખલી એવો સ્પોર્ટ્સ પર્સન છે જેને મુલાકાત કરવાની તક કોઈ ગુમાવવા માંગતું નથી. પરંતુ આવી જ એક તક હાલમાં જ પાલનપુર નો એક ખેડૂત પુત્ર ને મળી છે અને તેઓ ધ ગ્રેટ ખલી સાથે કુસ્તી ની ટ્રેનિંગ મેળવી રહ્યા છે. પાલનપુર તાલુકા ના આકેષણ ગામ માં રહેતા ખેડુત ઘેમરભાઈ ચૌધરીના પુત્ર મુકેશભાઈ ચૌધરી ને ધોરણ ૭ થી જ અભ્યાસ, રમતગમત ની સાથે સાથે ટીવીના પડદે ભારતીય કુસ્તિબાજ ખલી ને જોવાનો અદભૂત શોખ હતો. પરંતુ આ શોખ એક દિવસ હક્કીકત બનશે તેવો વિચાર મુકેશભાઈ અને તેના પરિવારને પણ ન હતો. જગાણા ગામમાં આવેલી માધ્યમિક શાળામાંથી ધોરણ ૧૨ સાયન્સ પાસ કર્યા બાદ તેમને ઈન્ટરનેટના માધ્યમ થી ધ ગ્રેટ ખલી ની જલંધર ખાતેની રેસલિંગ એકેડમી માં પ્રવેશ મેળવ્યો હતો અને આ એકેડેમી માં મુકેશભાઈ ચૌધરી છેલ્લા દોઢ વર્ષથી ટ્રેનિંગ મેળવી રહ્યા છે. આ સમયગાળા દરમ્યાન મુકેશભાઈ એ દેશ લેવલે યોજાયેલી ઝઉઈ ની ૩૫ જેટલી અલગ અલગ કેટેગરીમાં રેસલિંગ ટુર્નામેન્ટમાં ગ્રેટ ખલીની કંપની માંથી ભાગ લીધો હતો અને આગામી માર્ચ મહિનામાં વિશ્વ લેવલે આયોજન થનાર ઉઉઈ ની રેસલિંગ મેચમાં ભાગ લેશે અને ગુજરાત સહિત બનાસકાંઠાનું નામ રોશન કરશે. ઉલ્લેખનીય છેકે થોડાક વર્ષો અગાઉ આજ ગામના રવિ પ્રજાપતિએ પણ બનાસકાંઠા સહિત ગુજરાતનું નામ રેસલિંગમાં ગુંજતું કર્યું હતું અને જેને જોતા એવું લાગી રહ્યું છેકે રેસલિંગ પ્રત્યે બનાસકાંઠા જીલ્લાના યુવાનો પણ રૂચિ દાખવી રહ્યા છે. આજે જીલ્લા મથક પાલનપુર ખાતે આવેલી ગાંધીનગર સમાચાર ઓફિસની શુભેચ્છા મુલાકાત સમયે બનાસકાંઠા ના રેસલર મુકેશભાઈ ચૌધરી એ રેસલિંગ ની રમત પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો અને રેસલિંગ વિશેની વધુ માહિતી આપી હતી.




## મોડાસા જુનિયર ચેમ્બર્સના ૨૦૧૯ના પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ યોજાયો

મોડાસા,તા. ૧૭

મોડાસા જુનિયર ચેમ્બર (જેસીઆઈ)નો શપથવિધિ સમારોહ જેસીસ હોલ ખાતે અરવલ્લી જિલ્લા નાયબ શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયો હતો.


નવા વર્ષના પ્રમુખ તરીકે જે.સી. અતુલ પટેલ અને તેમની ટીમને શપથવિધિ અધિકારી ઝોન-૮ના વાઈઝ પ્રેસીડેન્ટ જે.સી. કંદર્પ ગજ્જરે શપથ લેવડાવ્યા હતા. નિવૃત્ત પ્રમુખ જે.સી. અલ્પેશ પટેલ દ્વારા વર્ષ દરમ્યાન કરેલ કાર્યક્રમો માટે અભિનંદન આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઝોન-૮ પાસ્ટ પ્રેસીડેન્ટ જે.સી. સંજય માંકડ (બરોડા) અતિથિ વિશેષ તરીકે પાસ્ટ નેશનલ ડાયરેક્ટર જે.સી. સંજય શાહ (લુણાવાડા), કોલેજ કેળવણી મંડળના માનદમંત્રી સુરેન્દ્ર જે. શાહ તથા જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ પરીખ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નગરજનો તથા જેસી મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# માઉન્ટ આબુમાં ઠંડીનું જોર વધતા બરફના થર જામ્યા



તસવીર : હરેશ જોષી









દેશના ઉત્તર ભારત માં પર્વતો પર હિમવર્ષાની અસર સમગ્ર પ્રદેશમાં જોવા મળે છે. તો પ્રદેશનું એક માત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુ પર ઠંડીનું જોર જોવા મળી રહ્યું છે માઉન્ટ હિલ સ્ટેશન પર પણ બરફની ચાદર પથરાઈ છે , હાલ માં શીતલહરના લીધે , માઉન્ટ આબુ માં ઠંડી નું પ્રમાણ વધ્યું છે શિયાળામાં વધતા જતા તાપમાનમાં ઘટાડો નોંધાયો છે માઉન્ટ માં તાપમાન ૩ ડિગ્રી હતું, તો છેલ્લા રાત્રે લઘુતમ તાપમાન ૨ .૪ ડિગ્રી નોંધાયું. મહત્તમ તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયેલ છે હિલ સ્ટેશનનું મહત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે, ઠંડી એકદમ વધવાથી ઘરની બહાર રાખવામાં આવેલાં વાસણો અને ટેબલ પર બરફનું સ્તર જામી ગયું છે. દેશની પહાડી વિસ્તારોમાં થઈ રહેલા ભારે બરફવર્ષાના ચાલતા સિરોહી જિલ્લાના માઉન્ટ આબુ પણ શીતલહર ચાલી રહી છે છે, ઠંડી હવાઓ સાથે ઠંડી વધીરહી છે , જેના પગલે શિયાળામાં ભારે અસર જોવા મળે છે.ઠંડી વધવાને લીધે લોકોનું રોજિંદા જીવનશૈલી માં ઘણી બધી અસર દેખાઈ રહી છે , તો હાલમાં માઉન્ટ હિલ સ્ટેશન પરફરવા આવનારા લોકો પ્રવાસીઓ ઠંડી થી બચાવ માટે હોટલની બહાર પર નીકળતા નથી તેમજ ઠંડી થી બચવા માટે . લોકો , ગરમ કપડા ,સૂર્ય ના ગરમ કિરણો નો સહારો લઈ રહ્યા છે. શિયાળામાં એકાએક ઠંડી માં વધારો થવાથી તાપમાનમાં ભારે ઘટાડો નોંધાય છે.માઉન્ટ માં મજા માણવા આવતા પ્રવાસીઓ પણ હાર્ડ થીજાવતી ઠંડી ની મજા માણી રહ્યા છે.

### અરવલ્લી જિલ્લા એઆરટીઓ કચેરીની અનોખી પહેલ

## એચએસઆરપી નંબર પ્લેટ ઘરે ઘરે જઈ લગાવી આપશે

મોડાસા, તા. ૧૭

સર્વોચ્ચ ન્યાયાલયના આદેશ પ્રમાણે વાહનોને એચ.એસ.આર.પી નંબર પ્લેટ લગાવવી ફરજીયાત છે. વાહનોને એચ.એસ.આર.પી નંબર પ્લેટ લગાડવા માટે તા.૩૧ ડિસેમ્બર છેલ્લી તારીખ છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં હજુ હજ્જારો નંબર પ્લેટ વાહનોને લગાડવાની બાકી છે. ત્યારે જીલ્લા એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા અનોખી પહેલ કરી મોડાસા શહેરમાં આવેલી સોસાયટી વિસ્તારમાં રહેતા પ્રમુખ/મંત્રી દ્વારા સોસાયટીના વાહનો દીઠ નક્કી કરેલ ચાર્જ કચેરીમાં જમા કરાવશે. તો નંબર પ્લેટ લગાડવાનું કામ કરનાર એજન્સી સોસાયટીમાં ઘરે ઘરે પહોંચી નંબર પ્લેટ લગાવી આપવાની બાંહેધરી આપતા નગરજનોમાં આરટીઓ કચેરીની અનોખી પહેલથી આનંદ છવાયો હતો.

તમામ વાહનોમાં હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ તા. ૩૧ ડિસેમ્બરમાં લગાડી દેવાના ફરમાન બાદ દંડની કાર્યવાહીની જાહેરાતથી ફરી વાહનચાલકો હાઈ સિક્યોરિટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાડવા સફળ જાગી દોડતા થઈ ગયા છે. હાલ વાહનચાલકો આર.ટી.ઓ. અને ડીલરોને ત્યાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટ ફિટ કરાવવા દોડ લગાવી રહ્યા છે. મોડાસાની આરટીઓ તંત્ર દ્વારા વાહનચાલકોને સુલભ માટે અને આરટીઓ કચેરીમાં ભીડ અને મુશ્કેલી ન સર્જાય તે માટે સોસાયટી વિસ્તારમાં બાઈકના ૧૪૦ રૂપિયા અને ફોર વહીલરના ૪૦૦ રૂપિયા પ્રમાણે જેટલા વાહનો હોય તેટલા આરટીઓ કચેરીમાં ઓનલાઈન રૂપિયા ભરાયા બાદ તમામ વાહનોને ઘરે આવી એચ.એસ.આર.પી. નંબર પ્લેટ ફિટ કરી આપવાની પહેલને સારો આવકાર મળી રહ્યો છે. પાવન સીટીના ફ્લેટ ધારકો માટે બિલ્ડર વિનુભાઈ પટેલે સોસાયટી ધારકોને તકલીફ ના પડે તે માટે ફ્લેટ દીઠ વાહન ધરાવતા ફ્લેટ ધારકોને રૂપિયા જમા કરાવવાનું જણાવી ઘરે આવી એચ.એસ.આર.પી. નંબરપ્લેટ લગાવી આપવાની સગવડ ઉભી કરાતા ફ્લેટ ધારકોમાં આનંદ છવાયો હતો.




## મોડાસા કેળવણી મંડળ અને કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના શતાબ્દી મહોત્સવનો પ્રારંભ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લામાં શૈક્ષણિકક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા મોડાસા કેળવણી મંડળ અને કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના શતાબ્દી મહોત્સવનો શનિવારે હર્ષોલ્લાસ સાથે પ્રારંભ થયો હતો જેમાં જીલ્લામાં ભામાશાની ઉપમા ધરાવતા મહાસુખભાઈ પટેલ, મુખ્ય વક્તા ડૉ. જગદીશ ત્રિવેદી (જાણીતા હાસ્ય કલાકાર), મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ તથા હોદ્દેદારો મોડાસાના મેયર સુભાષભાઈ શાહ મોડાસા નાગરીક બેંકના ચેરમેન કમલેશભાઈ પટેલ, શ્રીનાથ ક્રેડિટ સોસાયટીના ચેરમેન સુરેન્દ્રભાઈ શાહ, મોડાસાના દાનવીર કાંતિભાઈ પટેલ, દાતાઓ, પૂર્વ આચાર્યો તથા સ્ટાફ, તાલુકાના આચાર્યો, નગરના પ્રતિષ્ઠિત નાગરીકો અને સંકુલની શાળાઓના આચાર્યો, સ્ટાફ અને વિદ્યાર્થીગણની હાજરીમાં ડૉ. જગદીશભાઈના હાસ્ય દરબાર દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રમુખ બિપિન શાહે સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એસ.આર. પટેલ તથા શ્રીમતી એ.આર. પટેલે કર્યું હતું. સંગીત શિક્ષક પી.ડી. બારોટ અને તેમની ટીમે પ્રાર્થનામાં મા સરસ્વતીની ઉપાસનાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શતાબ્દી મહોત્સવનો પ્રારંભ દબદબાભેર બનાવવા માટે પ્રિન્સિપાલ મનીષભાઈ જોષી, શાળાના સુપરવાઈઝર કે.આર. ખાંટ, કે.બી. ચાવડા અને જી.બી. પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.




## વિજયનગરના દઢવાવ પાસેથી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૧૭

વિજયનગર તાલુકાના ચિઠોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ દઢવાવ પાસેથી સ્થાનિક પોલીસે સોમવારે બાતમીને આધારે રૂ. ૬૪,૮૦૦ની કિંમતનો વિદેશી દારૂ તથા કાર સાથે એક શખ્સની અટકાયત કરી તેની વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

બાતમી મળી હતી કે રાજસ્થાનથી ચિતરીયા થઈ ચિઠોડા તરફ એક કારમાં પાસ પરમીટ વિના વિદેશી દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. જે આધારે ચિઠોડા પોલીસે દઢવાવ પાસે નાકાબંધી કરી વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું.

દરમ્યાન અહીંથી પસાર થઈ રહેલ કાર નં. જીજે૩૮બી.૧૧૪૨ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી કારની જડતી લેવામાં આવી હતી. દરમ્યાન આ કારમાંથી રૂ. ૬૪,૮૦૦ની કિંમતની ૧૬૨ બોટલ મળી ાવી હતી.



મોડાસા ૧૭/૨૨ મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનો ૩૨મો સ્નેહ મિલન સમારોહ આનંદ ઉલ્લાસભર્યા વાતાવરણમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સમાજની મહિલાઓ દ્વારા યોજેલ સાંસ્કૃતિક કાર્યક્રમ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેને મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ માણી આવકારી અભિનંદન પાઠવેલ.